| | | | |
|---|---|---|---|
| Published Date: | Tuesday 7th November, 2017 | Publication: | Western Times (Gujarati) [Ahmedabad] |
| Journalist: | Bureau | Page No: | 2 |
| MAV/CCM: | 31,530/31.53 | Circulation: | 41,000 |


# એએનઆઈ ઇન્ટિગ્રેટેડ સર્વિસીસ લિ.નો ઇસ્યુ ૦૮મીએ ખુલશે

**અમદાવાદ,** મુંબઇ સ્થિત એએનઆઈ ઈન્ટિગ્રેટેડ સર્વિસીસ લિમિટેડ (‘કંપની’), જે એન્જિનિયરિંગ સેવાઓમાં પ્રવૃત્ત છે, તે તેનું એસએમઈનું પ્રારંભિક જાહેર ભરણું (‘આઈપીઓ’ અથવા ‘ઈશ્યુ’) લાવશે, જે ૦૮ નવેમ્બર ૨૦૧૭ના



રોજ ખુલશે અને ૧૦ નવેમ્બર ૨૦૧૭ના રોજ બંધ થશે, અને જેમાં કંપનીના રૂ. ૧૦ની મૂળ કિંમતના પ્રત્યેક ઈક્વિટી શેર (‘ઈક્વિટી શેર્સ’) માટે પ્રાઈસ બેન્ડ રૂ. ૧૦૦ રહેશે.

એએનઆઈ ઈન્ટિગ્રેટેડ સર્વિસીસ લિમિટેડ (‘એઆઈએસએલ’ અથવા ‘કંપની’ અથવા ‘ઈશ્યુઅર’)નું પ્રારંભિક જાહેર ભરણું રૂ. ૧૦ની મૂળ કિંમતના ૨૫,૬૫,૬૦૦ ઈક્વિટી શેર્સ માટે, રૂ. ૧૦૦ પ્રતિ ઈક્વિટી શેરનું છે, જેમાં રૂ. ૨,૫૬૫.૬૦ લાખ (‘ઈશ્યુ’) એકત્રિત થશે. તેમાં રૂ. ૧૦ની મૂળ કિંમતના ૧૬,૮૭,૨૦૦ નવા ઈક્વિટી શેર્સ રૂ. ૧૦૦ પ્રતિ ઈક્વિટી શેર, જે રૂ. ૧,૬૮૭.૨૦ એકત્રિત કરશે અને રૂ. ૮૭૮.૪૦ એકત્રિત કરતા ૮,૭૮,૪૦૦ ઈક્વિટી શેર્સની ઓફર ફોર સેલ સામેલ છે, જે શ્રી નવીન નંદકુમાર કોરપે, શ્રીમતી અનિતા કોરપે, શ્રી અક્ષય કોરપે અને શ્રી કેદાર કોરપે (‘સેલિંગ શેરહોલ્ડર અને પ્રમોટર તરીકે સંબોધિત’) દ્વારા છે, જેમાંના રૂ. ૧૦ની મૂળ કિંમતના ૧,૩૪,૪૦૦ ઈક્વિટી શેર્સ રૂ. ૧૦૦ની કિંમતે અને રૂ. ૧૩૪.૪૦ લાખ એકત્રિત કરશે, તે માર્કેટ મેકર (‘માર્કેટ મેકરનો અનામત હિસ્સો’)ના સબસ્ક્રિપ્શન માટે અનામત રહેશે. માર્કેટ મેકર માટેના અનામત સિવાયનું ભરણું રૂ. ૧૦ની મૂળ કિંમતના પ્રત્યેક ઈક્વિટી શેરનું રૂ. ૧૦૦ની પ્રત્યેક ઈક્વિટી શેરની કિંમતે ૨૪,૩૧,૨૦૦ ઈક્વિટી શેર્સ માટે છે જે રૂ. ૨,૪૩૧.૨૦ લાખ એકત્રિત કરશે (હવે પછી તેને ‘નેટ ઈશ્યુ’ તરીકે સંબોધાયો છે).